રાજસ્થાનની પ્રથમ જીત, સીએસકેનો થ્રિલરમાં પરાજય

ગુવાહાટીઃ ૨૦૦૮ના ચૅમ્પિયન રાજસ્થાન રૉયલ્સ (આરઆર)એ આજે અહીં અત્યંત રસાકસીભરી મૅચમાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ને છ રનથી હરાવીને આ વખતની ટૂર્નામેન્ટમાં પહેલી બે મૅચના પરાજય બાદ પ્રથમ વાર જીત હાંસલ કરી હતી.

સીએસકેની ટીમ ૧૮૩ રનના લક્ષ્યાંક સામે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૭૬ રન બનાવી શકી હતી જેમાં કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૬૩ રન, ૪૪ બૉલ, એક સિક્સર, સાત ફોર)નું મોટું યોગદાન હતું. જાડેજા ૩૨ રને અને ઓવર્ટન ૧૧ રને અણનમ રહ્યો હતો. સીએસકેએ છેલ્લી ઓવરમાં ૨૦ રન બનાવવાના હતા અને કૅપ્ટન રિયાન પરાગે અપેક્ષાથી વિરુદ્ધ જઈને જોફ્રા આર્ચરને બદલે સંદીપ શર્માને ૨૦મી ઓવર આપી હતી જેના પહેલા જ બૉલમાં ધોની (૧૬ રન, ૧૧ બૉલ, એક સિક્સર, એક ફોર) ડીપ મિડવિકેટ પર હેટમાયરના હાથમાં કૅચઆઉટ થયો હતો. હેટમાયરે તેનો ડાઇવિંગ કૅચ પકડ્યો હતો. હસરંગાએ સૌથી વધુ ચાર વિકેટ તેમ જ જોફ્રા આર્ચર અને સંદીપ શર્માએ એક-એક વિકેટ લીધી હતી. સન્ડે થ્રિલરમાં ધોની-જાડેજાની જોડી મૅચ-વિનર બનવામાં નિષ્ફળ રહી હતી. એ પહેલાં, રાજસ્થાને પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૮૨ રન કર્યા હતા. નીતીશ રાણા (૮૧ રન, ૩૬ બૉલ, પાંચ સિક્સર, દસ ફોર)નું આ સાધારણ ટોટલમાં સૌથી મોટું યોગદાન હતું.

રવિચન્દ્રન અશ્વિન લાંબા સમય બાદ પહેલી વાર આઇપીએલમાં નીતીશ રાણાને આઉટ કરવામાં સફળ થયો હતો. અગાઉ અશ્વિનના ૧૪૧ બૉલમાં ક્યારેય નીતીશ રાણાએ વિકેટ નહોતી ગુમાવી, પણ આ મૅચમાં નીતીશ રાણા સામેના ૧૪૨મા બૉલમાં અશ્વિને તેને જાળમાં આબાદ ફસાવ્યો હતો. વાઇડમાં રાણા વહેલો ક્રીઝની બહાર નીકળી ગયો હતો અને વિકેટકીપર એમએસ ધોનીએ પળવારમાં બૉલ પોતાના કબજામાં લઈને રાણાને સ્ટમ્પ-આઉટ કરી દીધો હતો. ■

દિલ્હીની સતત બીજી જીત, હૈદરાબાદનો લાગલગાટ બીજો પરાજય

પાંચ વિકેટ લેનાર સ્ટાર્ક મૅન ઑફ ધ મૅચઃ એસઆરએચના અનિકેતના ૭૪ રન એળે ગયા

વિશાખાપટનમઃ દિલ્હી કૅપિટલ્સ (ડીસી)એ અહીં ગઈ કાલે સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)ને ૨૪ બૉલ અને સાત વિકેટ બાકી રાખીને શાનદાર વિજય મેળવી લીધો હતો. દિલ્હીએ એ સાથે સતત બીજી મૅચ જીતી લીધી છે અને પૉઇન્ટ્સ-ટેબલમાં પાંચમા સ્થાન પરથી ત્રણ ક્રમની છલાંગ લગાવીને બીજા સ્થાને જમાવટ કરી હતી. રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) પહેલા નંબર પર છે.

હૈદરાબાદને ૧૬૩ રન સુધી સીમિત રાખ્યા બાદ દિલ્હીએ ૧૬ ઓવરમાં ત્રણ વિકેટે ૧૬૬ રન બનાવી લીધા એ સાથે હૈદરાબાદે સતત બીજો પરાજય જોયો છે.

દિલ્હીના મિચલ સ્ટાર્કે (૩.૪-૦-૩૫-૫) મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીતી લીધો હતો.

દિલ્હીએ જીતવા મળેલો ૧૬૪ રનનો સાધારણ લક્ષ્યાંક ચાર સાધારણ ઇનિંગ્સની મદદથી મેળવી લીધો હતો. ફાફ ડુ પ્લેસી (૫૦ રન, ૨૭ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)નું ૧૬૬ રનમાં સૌથી મોટું યોગદાન હતું. ઓપનર જેક ફ્રેઝર-મૅકગર્કે (૩૮ રન, ૩૨ બૉલ, બે સિક્સર, ચાર ફોર) અને ડુ પ્લેસી વચ્ચે ૮૧ રનની પ્રારંભિક ભાગીદારી થઈ હતી. મૅકગર્ક, ડુ પ્લેસી અને વિકેટકીપર કેએલ રાહુલ (૧૫ રન, પાંચ બૉલ, એક સિક્સર, બે ફોર)ની વિકેટ પડ્યા બાદ અભિષેક પોરેલ (૩૪ અણનમ, ૧૮ બૉલ, બે સિક્સર, બે ફોર) અને ટ્રિસ્ટેન સ્ટબ્સ (૨૧ અણનમ, ૧૪ બૉલ, ત્રણ ફોર)ની જોડીએ વધુ ધબડકો નહોતો થવા દીધો અને દિલ્હીને ચાર ઓવર બાકી રખાવીને વિજય અપાવી દીધો હતો.

હૈદરાબાદ વતી દિલ્હીની ત્રણેય વિકેટ પચીસ વર્ષના લેગ-સ્પિનર ઝીશાન અન્સારીએ મેળવી હતી. હૈદરાબાદના બીજા પાંચ બોલર (મોહમ્મદ શમી, અભિષેક શર્મા, પૅટ કમિન્સ, હર્ષલ પટેલ, વિઆન મુલ્ડેર)ને એક પણ વિકેટ નહોતી મળી.

એ પહેલાં, હૈદરાબાદે પહેલા બૅટિંગ પસંદ કરવાનો નવાઈ પમાડનારો નિર્ણય લીધો હતો અને ધબડકા સાથે શરૂઆત કર્યા બાદ છેવટે ૧૬૩ રનના સન્માનજનક સ્કોર સાથે ઇનિંગ્સ પૂરી કરી હતી. દિલ્હીની ટીમના મુખ્ય બોલર મિચલ સ્ટાર્કે પાંચ વિકેટ લીધી હતી, જ્યારે હૈદરાબાદ માટે એકમાત્ર અનિકેત વર્મા આશાનું કિરણ બન્યો હતો અને તેણે ૭૪ રન બનાવીને હૈદરાબાદની ટીમને મોટી નામોશીથી બચાવી લીધી હતી.

અનિકેત ૫૮ મિનિટ સુધી ક્રીઝ પર રહ્યો હતો અને ૪૧ બૉલની ઇનિંગ્સમાં છ સિક્સર તથા પાંચ ફોર સાથે ૭૪ રન બનાવ્યા હતા. તેની અને હિન્રિક ક્લાસેન વચ્ચે પાંચમી વિકેટ માટે ૭૭ રનની ભાગીદારી થઈ હતી.

ઉત્તર પ્રદેશના ઝાંસી શહેરમાં જન્મેલો અનિકેત ઉમાશંકર વર્મા રાઇટ-હૅન્ડ બૅટસમૅન છે. તેણે આ પહેલાં હૈદરાબાદ વતી માત્ર બે મૅચ રમ્યો હતો જેમાં તેણે કુલ ૪૩ રન કર્યા હતા, પણ દિલ્હી સામેની આ મૅચમાં ૭૪ રન બનાવીને પોતાની કાબેલિયત બતાવી દીધી હતી.

કૅપ્ટન પૅટ કમિન્સે અનિકેતને પાંચમા નંબરે રમવા મોકલ્યો હતો. તેને એકમાત્ર ક્લાસેનનો સારો સાથ મળ્યો હતો. ક્લાસેને ૧૯ બૉલમાં બે સિક્સર અને બે ફોરની મદદથી ૩૨ રન બનાવ્યા હતા. મોહિત શર્માએ ક્લાસેનને કૅચઆઉટ કરાવીને અનિકેત સાથેની પાર્ટનરશિપ તોડી હતી અને ત્યાર બાદ બીજી કોઈ મોટી ભાગીદારી નહોતી થઈ શકી અને ૧૮.૪ ઓવરમાં ૧૬૩ રનના સ્કોર પર હૈદરાબાદની ઇનિંગ્સ સમેટાઈ ગઈ હતી. દિલ્હીના મિચલ સ્ટાર્કે ૩૫ રનમાં પાંચ વિકેટ લીધી હતી. ત્રણ વિકેટ કુલદીપ યાદવે અને એક વિકેટ મોહિતે મેળવી હતી.

એ અગાઉ, હૈદરાબાદે ખરાબ શરૂઆત કરી હતી. પહેલી જ ઓવરમાં ૧૧મા રન પર અભિષેક શર્મા (૧ રન) રનઆઉટ થઈ ગયો હતો. સ્ટાર્કે એક જ ઓવરમાં ઇશાન કિશન (બે રન) અને નીતીશ કુમાર રેડ્ડી (૦)ને પૅવિલિયનમાં પાછા મોકલીને સનસનાટી મચાવી દીધી હતી. ધમાકેદાર આરંભ માટે જાણીતા હૈદરાબાદે પચીસ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી અને ૩૭મા રને ટ્રૅવિસ હેડ (બાવીસ રન, ૧૨ બૉલ, ચાર ફોર) આઉટ થયો ત્યાર પછી અનિકેત-ક્લાસેને બાજી સંભાળી લીધી હતી. ■

પૉન્ટિંગના બૉલમાં દીકરાની ફટકાબાજી

મંગળવારે લખનઊમાં પંજાબની ટીમનો હેડ-કોચ રિકી પૉન્ટિંગ પુત્ર ફ્લેચર સાથે ક્રિકેટ રમ્યો હતો. રિકી પૉન્ટિંગે બોલિંગ કરી હતી અને તેના કેટલાક બૉલમાં પુત્ર ફ્લેચરે સારા શૉટ માર્યા હતા. અમુક બૉલમાં ફ્લેચરે ડિફેન્સિવ શૉટ માર્યા હતા. ફ્લેચર તેના પિતાની સ્ટાઇલમાં બૅટિંગ કરતો જોવા મળ્યો હતો.

જાણી લો, મુંબઈ ઇન્ડિયન્સે દરેક સીઝનમાં જીતવાનું ક્યારે શરૂ કર્યું...

આ વખતે પહેલા બન્ને મુકાબલામાં હાર જોઈ છે, આજે વાનખેડેમાં કોલકાતા સાથે ટક્કર

અમદાવાદઃ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) આઇપીએલમાં સૌથી વધુ પાંચ ટાઇટલ જીતનારી પ્રથમ ટીમ છે, પરંતુ ૨૦૦૮ની પ્રથમ સીઝનથી માંડીને અત્યાર સુધીમાં આ ટીમે મોટા ભાગે નિરાશાજનક શરૂઆત કરી છે અને આ વખતની સીઝન પણ એમાં અપવાદ નથી. હાર્દિક પંડ્યાના સુકાનમાં એમઆઇની ટીમ આ વખતે પહેલી બન્ને મૅચ હારી ગઈ છે અને હવે આજે (સોમવારે) વાનખેડે સ્ટેડિયમમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામેનો મુકાબલો (સાંજે ૭.૩૦ વાગ્યાથી) જીતીને આ વખતની સીઝનમાં જીતવાનું શરૂ કરવા કોઈ કસર નહીં છોડે. મૂળ મુંબઈનો અજિંક્ય રહાણે કેકેઆરનો કૅપ્ટન છે અને આજે મુંબઈ ઇન્ડિયન્સ સામે જીતવાના આશયથી જ મેદાન પર ઊતરશે.

મુંબઈના જાણીતા સ્કોરર દીપક જોશીએ આપેલી આંકડાકીય જાણકારી મુજબ એમઆઇની ટીમે ૨૦૧૨ની સાલ પછી ક્યારેય સીઝનની પ્રથમ મૅચ જીતી જ નથી. એમાં પણ ૨૦૨૨ના વર્ષમાં એમઆઇનો આરંભ અત્યંત ખરાબ હતો. એ સીઝનમાં એમઆઇની ટીમે પહેલી આઠ મૅચમાં પરાજય જોયા પછી નવમી મૅચમાં જીતવાનું શરૂ કર્યું હતું.

શનિવારે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ (જીટી) સામે એમઆઇનો ૩૬ રનથી પરાજય થયો હતો. જીટીએ બૅટિંગ મળ્યા બાદ ઓપનર સાઇ સુદર્શનના ૬૩ રનની મદદથી આઠ વિકેટે ૧૯૬ રન કર્યા હતા. એમઆઇની ટીમ જવાબમાં ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૬૦ રન બનાવી શકી હતી જેમાં સૂર્યકુમાર યાદવના ૪૮ રન હાઇએસ્ટ હતા.

૨૩મી માર્ચે એમઆઇ સામે સીએસકેએ પાંચ બૉલ બાકી રાખીને ચાર વિકેટે વિજય મેળવ્યો હતો.

બન્ને મૅચમાં એમઆઇને સાધારણ બૅટિંગ અને સાધારણ બોલિંગને લીધે ઉપરાઉપરી બે હાર જોવી પડી છે. બોલિંગમાં જસપ્રીત બુમરાહની એમઆઇને ખોટ વર્તાઈ રહી છે. બૅટિંગમાં રોહિત શર્મા બન્ને મૅચમાં ફ્લૉપ રહ્યો છે અને ટીમને સારું ઓપનિંગ પણ નથી મળ્યું જેને લીધે મિડલ-ઑર્ડર અને નીચલા ક્રમના બૅટ્સમેન પર બોજ આવી પડે છે અને તેઓ રન બનાવવાની ઉતાવળમાં વિકેટ ગુમાવી બેસે છે.

એમઆઇએ ૨૦૧૩માં પ્રથમ ટાઇટલ મેળવ્યું હતું. ત્યાર પછી એમઆઇની ટીમ ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૦માં ચૅમ્પિયન બની હતી.

એમઆઇએ દરેક સીઝનમાં પ્રથમ મૅચ ક્યારે જીતી?

૨૦૦૮માંઃ પહેલી ચાર મૅચના પરાજય બાદ
૨૦૦૯માંઃ પહેલી જ મૅચમાં
૨૦૧૦માંઃ પહેલી જ મૅચમાં
૨૦૧૧માંઃ પહેલી જ મૅચમાં
૨૦૧૨માંઃ પહેલી જ મૅચમાં
૨૦૧૩માંઃ પ્રથમ મૅચના પરાજય બાદ
૨૦૧૪માંઃ પહેલી પાંચ મૅચના પરાજય બાદ
૨૦૧૫માંઃ પહેલી ચાર મૅચના પરાજય બાદ
૨૦૧૬માંઃ પહેલી મૅચના પરાજય બાદ
૨૦૧૭માંઃ પહેલી મૅચના પરાજય બાદ
૨૦૧૮માંઃ પહેલી ત્રણ મૅચના પરાજય બાદ
૨૦૧૯માંઃ પ્રથમ મૅચના પરાજય બાદ
૨૦૨૦માંઃ પ્રથમ મૅચના પરાજય બાદ
૨૦૨૧માંઃ પ્રથમ મૅચના પરાજય બાદ
૨૦૨૨માંઃ પહેલી આઠ મૅચના પરાજય બાદ
૨૦૨૩માંઃ પહેલી બે મૅચના પરાજય બાદ
૨૦૨૪માંઃ પહેલી ત્રણ મૅચના પરાજય બાદ
૨૦૨૫માંઃ બન્ને મૅચમાં હાર (સીઝનની હજી શરૂઆત)

હાર્દિકને ૧૨ લાખ રૂપિયાનો દંડ, આજે વાનખેડેમાં મુંબઈની મૅચ

મુંબઈઃ મુંબઈ ઇન્ડિયન્સના કૅપ્ટન હાર્દિક પંડ્યા શનિવારે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ સામેની મૅચમાં પોતાના બોલર્સ પાસે નિર્ધારિત સમયમાં ૨૦ ઓવર પૂરી ન કરાવી શક્યો એ બદલ તેને ૧૨ લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો. દરમ્યાન આજે વાનખેડેમાં મુંબઈની કોલકાતા સામે મૅચ (સાંજે ૭.૩૦ વાગ્યાથી) છે. મુંબઈની ટીમને ઓપનિંગની સિલસિલાબંધ નિષ્ફળની ચિંતા સતાવે છે. રોહિત અને સાઉથ આફ્રિકાનો રાયન રિકલ્ટન ટીમને બન્ને મૅચમાં સારી શરૂઆત નહોતા અપાવી શક્યા જેને પગલે મુંબઈએ બન્નેમાં હાર જોવી પડી. રહાણે કોલકાતાનો કૅપ્ટન છે અને તેણે આજે પોતાના જ શહેરમાં એમઆઇની ટીમ સામે કોલકાતાને વિજય અપાવવાનો છે. ■

ધર્મતેજ

ફનવર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

જોડી જમાવો

A	B
ઋષિકેશ	કેરળ
પુષ્કર	જમ્મુ - કાશ્મીર
સબરીમાલા	તામિલનાડુ
રામેશ્વરમ	રાજસ્થાન
અમરનાથ	ઉત્તરાખંડ

ઓળખાણ પડી?

યહૂદી લોકોનું ધાર્મિક સ્થળ સિનેગોગ તરીકે ઓળખાય છે. વિશ્વનું સુધી મોટું સિનેગોગ કયા દેશમાં સ્થિત છે એ જાણો છો?

અ) ફિનલેન્ડ બ) હંગેરી ક) ગ્રીસ ડ) રોમાનિયા

ગયા વખતનો ઉકેલ

૧ જા	૨ હે	૨	૩ ના	મું		૪ દા	વા	૫ ન	ળ
૬ જ	૨		દ		૭ અ	મ		વી	
૮ ૨	ત	૯ લ		૧૦ અ	ણ	ન	૧૧ મ		૧૨ બ
મા		૧૩ ડ	૨		છા		૧૪ હે	ડં	બા
૧૫ ન	૧૬ ૨	વા			૧૭ જ	બ	રા		લ
	૧૮ બ	ળ	૧૯ બ	ળ	તું		૨૦ બ	૨૧ ૨	
૨૨ ફ	૨		રો			૨૩ ખ		૨૪ વિ	૨૫ પ્ર
ટ		૨૬ વા	ળ		૨૭ ખ	લા	૨૮ સ		શા
૨૯ કા	૩૦ ન	સ		૩૧ ક	મ	સી	ન		સ
૩૨ ૨	મ	ણ	ભ	મ	ણ		૩૩ મ	કા	ન

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧	૨	૩			૪	૫	૬		૭
૮				૯					
		૧૦						૧૧	
				૧૨			૧૩		
	૧૪		૧૫			૧૬			
૧૭					૧૮				૧૯
૨૦				૨૧				૨૨	
૨૩			૨૪				૨૫		
		૨૬				૨૭			
		૨૮							

આડી ચાવી

૧. કરેલું કાર્ય (૪)
૪. જેના પર અસર થઈ છે તે (૫)
૮. મજાર (૩)
૯. જોડવાનું કામ (૪)
૧૦. બધાને ખબર હોય એવું (૩)
૧૧. બોલવા-લખવાની છટા (૨)
૧૨. લાગો, હકનું માગણું (૨)
૧૩. થોડુંક પણ (૩)
૧૪. મુખિયો, મહાનાયક (૪)
૧૬. માહિતી (૩)
૧૭. બારણું, દરવાજો (૨)
૧૮. મોટું, ભવ્ય, મહત્તાવાળું (૩)
૨૦. ભૂંડી હાર (૩)
૨૧. એક ઊભયચર પ્રાણી (૩)
૨૨. ફરજ, કર્તવ્ય (૨)
૨૩. એક જાતિ (જો.છૂ.) (૨)
૨૪. કૃષ્ણ, કનૈયો (૩)
૨૬. માથું ઓળવા --- જોઈએ (૩)
૨૭. ગુનો (૪)
૨૮. ગાડીઓના આવવા જવાના સમયનો કોઠો (૬)

ઊભી ચાવી

૧. રોજિંદુ કામ (૪)
૨. જલસો, આનંદ (૨)
૩. ચર્ચ, ખ્રિસ્તીઓનું મંદિર (૫)
૪. 'અડવું'નું આજ્ઞાર્થ (૨)
૫. કામના વાળું (૩)
૬. 'રમવું'નું આજ્ઞાર્થ (૨)
૭. સ્તુત્ય, સ્તવ્ય (૪)
૯. જોર વાળું (૪)
૧૧. જાન, લગ્ન માટે સાથે આવેલાં સગાં (૩)
૧૩. યજ્ઞ (૩)
૧૪. શાસન કરનારી સત્તા (૪)
૧૫. નોકર, ચાકર (૨)
૧૬. ક્રીડા, ભ્રમણ, બૌદ્ધ મઠ (૩)
૧૭. અમુક સમયની અંદર (૫)
૧૮. રત, મૃન્ન (૩)
૧૯. કર્મનું બંધન (૫)
૨૧. અતિવિશાળ (૪)
૨૪. સોગંદ, શપથ (૩)
૨૫. અનાજ પાકે પછી --- થાય (૩)
૨૬. પાણી માટેની નીક કે નહેર (૨)
૨૭. આરો, ત્વરિત, ઉતાવળું (૨)

ગુજરાત મોરી મોરી રે

પવિત્ર શક્તિપીઠ પૈકી શ્રી ચંદ્રભાગા શક્તિપીઠ ગુજરાતના કયા જિલ્લામાં સ્થિત છે એ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) વલસાડ બ) જૂનાગઢ
ક) કચ્છ ડ) પાટણ

ઈર્શાદ

હવે તો દોસ્તો ભેગા મળી વહેંચીને પી નાખો,
જગતનાં ઝેર પીવાને હવે શંકર નહીં આવે.
-- જલન માતરી

માતૃભાષાની મહેક

માયાનો વ્યાપ ઘણો છે. માયાનો એક અર્થ છળકપટ અથવા પ્રપંચ થાય છે. કાચી માયા એટલે ભોળી વ્યક્તિ, છેતરાઈ જાય એવું માણસ. પહોંચેલી માયા એટલે ખૂબ હોશિયાર, કોઈથી છેતરાઈ ન જાય એવી વ્યક્તિ. માયા રાખવી એટલે સ્નેહ રાખવો અને માયા મુકવી એટલે સ્નેહ - મમતા પડતા મૂકવા. વૈરાગ્ય થવો.

ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'સાથે હતા એ બધા ફરાર થઈ શકે છે'માં ફરાર શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) અભિમાની બ) ભાગી જવું ક) સ્વાર્થી ડ) બીકણ

માઈન્ડ ગેમ

આપણા દેશનું કયું શહેર 'ગાર્ડન સિટી ઓફ ઈન્ડિયા' - બગીચાઓના શહેર તરીકે જાણીતું છે એ શોધી કાઢો.

અ) હૈદરાબાદ બ) બિકાનેર
ક) બેંગ્લોર ડ) ચંદીગઢ

સુડોકુ-૮૦૪૯

		૭	૫		૮	૨		
૯	૬					૪	૮	૫
	૫						૧	
		૧	૨		૩	૬		
				૧				
		૯	૬		૫	૩		
	૩						૯	
૧	૮	૫					૪	૬
		૬	૧		૪	૫		

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૮૦૪૮

૨	૮	૩	૬	૭	૧	૪	૯	૫
૭	૫	૬	૪	૩	૯	૨	૮	૧
૯	૧	૪	૫	૮	૨	૬	૩	૭
૧	૭	૮	૨	૫	૬	૩	૪	૯
૪	૩	૨	૧	૯	૭	૮	૫	૬
૬	૯	૫	૮	૪	૩	૧	૭	૨
૮	૪	૧	૯	૬	૫	૭	૨	૩
૫	૨	૭	૩	૧	૮	૯	૬	૪
૩	૬	૯	૭	૨	૪	૫	૧	૮

ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

A	B
શ્રી રામ	અયોધ્યા
શ્રીકૃષ્ણ	મથુરા
મહાવીર સ્વામી	વૈશાલી
ગુરુ નાનક	કરતારપુર
ગૌતમ બુદ્ધ	લુમ્બિની

ગુજરાત મોરી મોરી રે
મહેસાણા

ઓળખાણ પડી?
નવી દિલ્હી

માઈન્ડ ગેમ
વારાણસી

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ભમરડો

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) સુભાષ મોમાયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) ધીરેન ઉદ્દેશી (૬) ગીતા ઉદ્દેશી (૭) પ્રતિમા પમાણી (૮) ડો. પ્રકાશ કટકિયા (૯) ભારતી પ્રકાશ કટકિયા (૧૦) નિતા દેસાઈ (૧૧) વિભા મહેશ્વરી (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) તાહેર ઔરંગાબાગવાળા (૧૬) શીરીન ઔરંગાબાગવાળા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) અંજુ ટોલીયા (૧૯) શ્રદ્ધા આશર (૨૦) પુષ્પા પટેલ (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ દોશી (૨૩) મીનળ કાપડિયા (૨૪) નિખીલ બંગાળી (૨૫) અમીષી બંગાળી (૨૬) પ્રવીણ વોરા (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) જ્યોતી ખાંડવાલા (૨૯) શ્રદ્ધા આશર (૩૦) ભાવના કર્વે (૩૧) મનીષા શેઠ (૩૨) ફાલ્ગુની શેઠ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) વીણા સંપટ (૩૫) અંજુ ટોલીયા (૩૬) અરવિંદ કામદાર (૩૭) શિલ્પા શ્રોફ (૩૮) નિતીન જે. બજરીયા (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) જયવંત પદમશી ખિચળ (૪૧) જગદીશ ઠક્કર (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) રમેશભાઈ દલાલ (૪૬) હીના દલાલ